


# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




વધ-ઘટ, પત્રકોમાં, નડે છે અંદરોઅંદર,
મોંઘવારી ના આંકડા ચડે છે અંદરોઅંદર,
મળે છે અંદરોઅંદર, શાબાશી-પ્રોત્સાહન -
ભાજપ ભૂલી, કોંગીઓ લડે છે અંદરોઅંદર..




માગે સુરક્ષા,
હવે કાયદેસર -
ભૂલકાં પણ..
(રાખડી બાંધવા ગયાં)

શંકરાચાર્ય,
અને સાંઇબાબાની
સૂડી વચ્ચે છે..
(‘હિંદુત્વ’ની સોપારી)

## ચિંતન

**અલ્પીય સામેવ નિવાસ ભૂમિ ત્યાગા દ્વિપત્તિ ર્મહતાં ન જાતુ ।**
**રત્નાકરાત્સન્મયો અભિયાન્તિ રાજ્ઞાં શિરઃ કાકમુખાનિ ભેકાઃ ॥**

‘જે લોકો પોતાની જન્મ ભૂમિનો ત્યાગ કરે છે તે દુખી થાય છે એવું કહેવાય છે પરંતુ એવું નથી - જે લોકો અલ્પક્ષુદ્ર વ્યક્તિઓ છે તેમને જ આવી મુશ્કેલીઓ આવે છે પરંતુ ગુણવાન - મહાન વ્યક્તિઓ ને કોઇ મુશ્કેલી નડતી નથી. જેમ કે સમુદ્રમાંથી ઉત્તમ મણિ-રત્નો જે સમુદ્ર છોડીને દરિયાકાંઠે આવી પડે છે તે તો રાજાના મુકુટમાં જ પોતાનું આસન જમાવે છે પરંતુ અલ્પક્ષુદ્ર દેડકાં-માછલી જેવા જીવો તો કાગડાના મુખમાં જાય છે.’

વિદેશ જતાં પહેલાં ત્યાંની ભાષા રીતરિવાજ-કાયદા અને સંસ્કૃતિનો પૂરો અભ્યાસ હોય તો કોઇ પણ જાતની મુશ્કેલી આવતી નથી કારણ કે વિદ્વાન સર્વત્ર પૂજ્યતે ।

પરંતુ માત્ર પૈસાની લાલચથી લેભાગુ એજન્ટના વિશ્વાસે જનારા ખુબ જ દુખી થાય છે અને તેમને પસ્તાવાનો વખત આવે છે.

આ વાત સમજવા માટે અહીં રત્નો અને દેડકાંઓનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

## સુવિચાર

- હું કશુંક પ્રયત્નપૂર્વક લખું છું, તો એ ‘લેખન’ થાય છે. પણ ભીંતરમાંનો માંહ્યલો કશુંક લખાવે છે ત્યારે એ ‘સર્જન’ બને છે **- સુરેશ દલાલ**
- પ્રકૃતિની સાથે જાણે કર્મ નાભિનાળ થકી જોડાયેલો છે. જે સતત અમીરસ મને પાતી રહી છે. જેનાથી મારૂં હૈયું ભરાતું રહે છે અને એ પછી કવિતામાં ઠલવાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવન એક આશ્ચર્ય શૃંખલા છે.. તથા રોજ એક નવો પ્રશ્ન લઇને આવે છે **- ફ્રેન્ચ કહેવત**
- પુણ્યનું ગર્વ કરવું તે કરતાં તો પાપનું પ્રાયશ્ચિત વધુ હિતકારી છે **- જનકલ્યાણ**
- ભક્તિમાં શબ્દવિહોણું હૈયું હશે તો ચાલશે પણ હૈયા વિહોણા શબ્દો હોય તે નહીં ચાલે **- મોરારિ બાપુ**
- જયારે શિષ્ય તૈયાર થાય છે ત્યારે ગુરૂ આવી ચડે છે **- જાપાની કહેવત**
- સાધુ નામ અર્થાત્મક નથી, આચરાત્મક છે **- પૂજ્ય મોટા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજની સરકારના રસ્તા-પૂલો-મકાનોમાં ખૂબ ખાયકી થાય છે. નવા ને નવા પૂલ બેસી જાય, રસ્તા ધોવાઇ જાય અને મંજૂર થયેલી રકમ બમણી-તમણી થાય ત્યારે માંડ જેવો-તેવો પ્રોજેક્ટ પુરો થાય. (દા.ત. મહાત્મા મંદિર સો કરોડના દોઢસો કરોડ થાય છતાં આસપાસના કામ તો ચાલું જ હોય)

મુંબઇની હાઇકોર્ટનું મકાન આજે પણ - દોઢસો વર્ષ પછી પણ અડીખમ ઉભું છે એ બ્રિટીશ ઇજનેરોએ આપણા જ મજૂરોની સહાયથી બાંધ્યું છે.

‘એના પર લાગેલી તકતી આજે પણ હયાત છે - કામ શરૂ કર્યું - પહેલી એપ્રિલ-૧૮૭૧ના રોજ પુરૂં થયું. ૭ નવે. ૧૯૭૮, ૧૬ લાખ ૪૭ હજારનું ખર્ચ મંજૂર થયું હતું પણ ૧૬ લાખ ૪૪માં પુરૂં થયું.’

અંગ્રેજી સરકારમાં આપણે પરતંત્ર હતા પણ નીતિમત્તા, નિયમિતતા અને નિષ્ઠા શીખવા માટે આપણે હજુ થોડાં વર્ષ પરતંત્ર રહેત તો વાંધો નો’તો..

આજની સરકારો આપણાં બાળકોને યુવાનપેઢીને ન શીખવવાનું બધું જ શીખવાડે છે!!

Email - sureshchandrabhatt18@gmail.com

# ઉતાવળે - ઉતાવળે આપણે પહોંચવું છે કયાં?

## વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

આ યુગનો કોઈ સૌથી મોટો શાપ હોય તો તે ‘ઉતાવળ’ છે. માણસ ઉતાવળને ઉદ્યમનું અનિવાર્ય લક્ષણ ગણે છે. જૂની કહેવત એવી હતી કે ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર. પણ નવી કહેવત છે ઉતાવળા સો કામગરા, ધીરા સો ઠોઠ! આમ જુઓ તો કાળપુરૂષની બેઅદમી છે. કેટલુંય કામ સમય પોતે જ કરે છે, પણ આપણને હવે સમયમાં શ્રદ્ધા રહી નથી આપણે તો બધું તાબડતોબ કરવું છે. આપણે ઉતાવળે આંબા પકડવવા છે. અત્યારે ‘ઇન્સ્ટન્ટ કૉફી’ની બોલબાલા છે. ધીરા તાપે ચઢેલી ખીચડી મીઠી હોય છે કે ધીમા તાપે રોટલો સારો થાય તેવું માનવા આપણે તૈયાર નથી.

ઉતાવળ એ હકીકતે આપણા ગુપ્ત અહંકારનો જ વલવલાટ છે. એક દિવસમાં આપણે ભૂગોળ કે ઇતિહાસ શીખી લેવા છે. એક અઠવાડિયામાં આપણે અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ હાંસલ કરી લેવું છે. આપણે ત્રણ-ચાર દિવસમાં ગણિતને પાર પામવા ઉત્સુક છીએ. કોઈ પણ વિષયની જાણકારીની વાતમાં કેટલી વાર લાગે? એ આપણો સવાલ છે. પળવારમાં માથાનો દુઃખાવો હરી લેનારી દવાની કોળીઓ આપણે માગીએ છીએ. માથું દુઃખે છે? એક ગોળી ખાઓ અને માથાનો દુઃખાવો ગાયબ! તાવ ચઢ્યો છે? એક કે બે ગોળી ગળી જાઓ અને ટેમ્પરેચર એકદમ ડાઉન! આપણને સહેજ પણ ઢીલ ગમતી નથી! બસ પકડવી હોય કે માથું યા તાવ ઉતારવો હોય, આપણે તો ઝડપ જ કરવી છે. ઉતાવળ કરવી છે! આપણે છેવટે આવી ઉતાવળ કરીને કયાં પહોંચવું છે? આપણે છેવટે આટલો બધો સમય બચાવીને શું કરવું છે? આવો પ્રશ્ન પૂછો તો તેનો જવાબ કોઈ નહીં આપે.

ઘણા લોકો કામકાજમાં ખૂબ સમય બચાવે છે અને પછી બચેલા સમયનો બગાડ કરે છે! લિજ્જતથી એ નહીં જમે, શાંતિથી, સ્વસ્થતાથી એ કપડાં નહીં પહેરે, અદબથી એ નહીં ચાલે, નિરાંતથી એ નહીં બેસે, એ દોડશે અને છેવટે કહેશે કે સમય પસાર જ થતો નથી. શું કરવું? ટાઈમ જતો નથી. એ ગંજીફાનાં પાનાં ચીપશે, કલબમાં જશે, સિનેમાની ટિકીટની લાઇનમાં ગોઠવાઈ જશે, જીવવાની પણ એક કળા છે, એ તેમને જાણી નથી. એ દોડી દોડીને હાંફી જશે. દસ મિનિટ ખૂબ દોડે છે, પછી પચાસ મિનિટ થાક ઉતારે છે. વળી, પચાસ મિનિટ દોડે છે અને કલાક સુધી થાક ઉતારે છે. સમયને સારી રીતે વાપરતાં આવડતું નથી. જેવું પૈસાનું થયું છે તેવું જ સમયનું થયું છે. બે નંબરના પૈસા અને બે નંબરનો ટાઈમ - ખૂબ કમાવો અને પછી આડાઅવળા રસ્તે વાપરો! તમને થશે કે બે નંબરની કમાણી સમયની બાબતમાં શી રીતે થઈ શકે? થઈ શકે શું, થાય જ છે. માણસ નહાવામાં, ખાવામાં, કપડાં પહેરવામાં, નોકરી કે ધંધામાં પૂરો સમય વાપરતો નથી. ઓછો સમય વાપરે છે અને સમય બચાવે છે. આ કામ એવી સિફતથી કરે છે કે તમને તેની આ સમયની ચોરી તેની કુશળતાનો પરચો લાગે. માણસ આપણને ગર્વથી કહે છે યાર, આપણને ‘ઠંડાપણુ’ ગમતું જ નથી. પાંચ મિનિટમાં નાહી લેવાનું, સાત મિનિટમાં જમી લેવાનું - બધું ફટાફટ પતાવી દેવાનું! આપણને જરા પણ ઢીલ ના ગમે! આ રીતે માણસ સમય મેળવે છે અને પછી ગમે તે માર્ગે ઉડાઉપડે ખર્ચે છે!

ઝડપથી ઝાઝું કામ કરવામાં ખોટું નથી, પણ ‘દળી દળીને ઢાંકણીમાં’ની જેમ હાથ ઉપરનાં કામો ઝડપથી આટોપી લઈને, સમયની ખોટી બચત કરી પછી વેડફી નાખવાનું ખોટું છે. આમાં એક તો સમયચોરી છે અને ખાસ તો કાળપુરૂષની બેઅદમી છે. બીજી બાબત વધુ ગંભીર છે. સમય સમયનું કામ કરે છે. તેનાં ટૂંકા રસ્તા કાઢવાના પ્રયાસોમાંથી આપણા જીવનમાં પારાવાર કૃત્રિમતા જન્મી છે. પછી તે બીમારી દૂર કરવાની વાત હોય કે સિદ્ધિ મેળવવાની વાત હોય. કોઇ મોટું કામ તપ વિના સિદ્ધ થયું નથી અને તપમાં અમુક સમય અને એકાગ્રતા જોઈએ છે. આપણે સમય પણ આપવા માંગતા નથી અને એકાગ્રતા પણ આપી શકીએ તેમ નથી. ધીરજનાં ફળ મીઠા હોય છે તેમ કહેનારા બેવકૂફ નહોતા. તેમાં કાળપુરૂષની અદબ હતી. આપણાથી મોટી શક્તિના, આપણાથી જુદી શક્તિઓનાં પ્રભાવનો સ્વીકાર હતો. આવો સ્વીકાર સહિષ્ણુતા અને નમ્રતા માગી લે છે. પણ આપણે તો ‘અહમ્’ના ઉપાસકો! આપણે કદી વિચારવા થોભતા નથી કે શું આપણે દોડીએ એટલે બીજું બધું દોડવા માંડે છે? તમે દોડીને વાળંદની દુકાને પહોંચો કે બેંકના કાઉન્ટર ઉપર, સંભવ છે કે તમારી આગળ આવીને બીજા કેટલાક બેઠા હોય ત્યારે ગમે તેટલી ઉતાવળ હશે છથાં લાઇનમાં ગોઠવાવું પડશે. તમારી ઉતાવળથી કાંઇ પણ થઈ જવાનું નથી. તમારી જાતને જ કેન્દ્રમાં રાખીને આખી દુનિયાની વ્યવસ્થા તમે કરો છો તે ખોટું છે. મિથ્યાભિમાન છે, અજ્ઞાન છે અને તેથી સરવાળે નિષ્ફળતા જ છે. તમારું કામ કરો, પણ યાદ રાખો કે પરિણામ કે ફળ સુધી પહોંચતાં સુધીમાં બીજાં ઘણાં પરિબળો ભાગ ભજવતાં જોવા મળશે. કયારેક એ પરિબળો તમારી સામે કામ કરતાં હશે, કયારેક તમને મદદ કરતાં હશે. તમે મિથ્યાભઈમાનમાં રાચતા હશો તો તમને લાગશે કે આ ચમત્કાર તમારી આવડતનો જ છે. કેટલાક કયારેક ઉતાવળમાં ફાવી જતા હશે. મોટા ભાગે માણસો શાંતિ અને ધીરજથી ફાવતા હોય છે. તમે દોડાદોડી કરો છતાં તમને બસમાં રિઝર્વેશન ના મળે અને તમે છેલ્લી મિનિટે પહોંચ્યા હો તો પણ કોઈક તમને સારી બેઠક કરી આપે તેવું બને છે કે નહીં?

આપણે ચોકસાઇ શીખીએ, સમયસર કામ કરવાની આદત કેળવીએ તે સારી વાત છે, પણ ઉતાવળ કોઇ સમયપાલનની કે ઉદ્યમની નિશાની નથી હોતી. ઘણીવાર એવો આભાસ થાય છે, પણ હકીકતે ઉતાવળ અનિયમિતતા અને અધીરતાનું આવરણ જ હોય છે. નવ મહિને બાળક જન્મે તેવું ચોક્કસ સમય માપ બધી ઘટના નિમિત્તે નહીં હોય, પણ સમયનું કંઇક ગૂઢ ગણિત કામ કરે જ છે. તેને પિછાનવાનો ઇનકાર કરીને આપણે ઉતાવળે જે દોડધામ કરીએ છીએ તે શક્તિનો વ્યય જ હોય છે. આવી ઉતાવળ કેટલીક વાર નજીવાં સ્થૂળ પરિણામો આપતી હશે, સરવાળે તો ઉતાવળ કોઇ કામ સુધારતી કે સફળ કરતી નથી. માણસે પોતાની બુદ્ધિ અને સાધનો ખૂબ વિકસાવ્યા છે. તેને બળદગાડું છોડીને વિમાનમાં ઊડતા શીખીને ઘણું હાંસલ કર્યું છે. સમય અને સ્થળનાં મોટાં અંતર કાપી નાખ્યાં છે. તેની આ સિદ્ધિ ધન્યવાદને પાત્ર છે, પણ ગતિનું ગત્વ બધામાં દાખલ થઈ ના શકે. માણસનું જીવન એની આવરદાનું ઓશિયાળું છે અને રહેવાનું. તેમાં કુદરતે પોતે ગતિનું એકમાત્ર યંત્ર ગોઠવ્યું છે. માણસ વિજ્ઞાનને હાથો બનાવીને આવતીકાલે એમ કહેશે કે મેં બાળપણ એક વર્ષમાં માણી લીધું, કિશોરાવસ્થા એક મહિનામાં માણી લીધી, યૌવન છ માસમાં ભોગવી નાખ્યું, પ્રૌઢાવસ્થા એક સપ્તાહની રાખી અને વૃદ્ધાવસ્થા તો મેં અઢી કલાક જ વેઠી છે. તો બાકી પછી લાંબી સોડ તાણીને મોત જ સૂતું છે. ઉતાવળે જીવીને છેલ્લે નિરાંતે મરવાનું જ છે. આ પરમ વાસ્તવિકતા છે.


જીવનનાં વર્ષોમાં ખૂબ ખૂબ ઉતાવળ ભરીને બાકીનાં બદાં વર્ષો ખાલીખમ બનાવી દેવાનું શું? વરસને દિવસ જેવું કરી નાખીને તમારું આયુષ્ય જ તમે કાપી નાખો છો. જિંદગીમાં ઝડપ ભરી ભરીને તમે તેની મીઠાશને ખતમ કરો તેથી ફાયદો શું? ઉતાવળ તમને ગુણાકાર જેવી લાગણી હશે, કુદરતના ક્રમમાં તમે તેનો વિચાર કરશો તો બાદબાકી જેવી જ લાગશે. આપણે વેદનાને ટૂંકાવવા મથીએ છીએ અને આનંદને તાણી તાણીને લાંબો કરવા મથીએ છીએ, સરવાળે બંનેની પોતીકી મીઠાશનો નાશ કરીએ છીએ. માથાનો દુખાવો પૂરો વેઠયો નથી, જેથી શિરદર્દના છુટકારાની રાહત પૂરેપુરી માણવાની તક પણ આપણે મેળવી નથી. તરસને ટકવા દેતા નથી. પછી ઠંડા પાણીના પ્યાલાની શીતળ મધુરતાનો આનંદ આવે જ કયાંથી? બકરીને જેમ આપણે આખો દિવસ કંઇ ને કંઇ ચાવ્યા જ કરીએ પછી આપણને ક્ષુધા-શાંતિનો સંતોષ કયાંતી સાંપડવાનો હતો? ફ્રેન્ચ નવલકથાકાર આન્દ્ર જીદને કોઈએ કહ્યું હતું કે તમારા જીવનની પરમ આનંદની ક્ષણ કઈ? નવલકથા માટે નોબેલ ઇનામ મેળવનારા લેખક જીદે કહ્યું કે ‘સહારાના રણમાં એક વાર મળેલા ઠંડા પાણીનો ચંબુ.’ પ્રખર સહારાની તરસ વિના ઠંડા પાણીનું અમૃત કયાંથી પારખી શકાય? મીઠાશ તો આપણે ઝંખીએ છીએ, પણ મીઠાશને ‘મીઠાશ’ બનાવનારા તત્ત્વો આપણે કાઢી નાખ્યા છે. વિરહ વિના મિલનની મીઠાશ શું, તરસ વિના પાણીની મીઠાશ શું, ભૂખ વિના ભોજનની મીઠાશ શું? વેદના વિના દર્દમુક્તિની મીઠાશ શું? થાક વિના આરામની મીઠાશ શું? બદામ હોય કે બિસ્કીટ હોય, તેને ચાવીને ખાધા વિના ગળે ઉતારી દેનારને તેની મીઠાશ સમજાવાની નથી. ચાવવામાં મીઠાશ છે અને જોખમ પણ છે! પણ તે મીઠી હોવાનો પણ પૂરો સંભવ છે. આપણને સુખ જોઈએ છે, પણ દુઃખ આવી પડવાનું જોખમ લેવું નથી. માણસની જિંદગીના એક એક આંસુનો કોઈ વીમો ઉતારતું નથી. નહીંતર એ વીમો પણ લઈ લેત! એક આંસુના વીમા માટે પણ દસ આંસુનું પ્રિમિયન ખર્ચવું પડત તો એ જુદી વાત હોત. આંસુ અને સ્મિતને જુદાં પાડવાની મથામણ ખોટી છે. એમની સગાઈ એવી પાકી છે કે છૂટાં પાડવાની બધી કોશિશ બેકાર જ પુરવાર થાય છે.

કુદરતે માણસમાં એક ઘડિયાળ ગોઠવી છે. તેનાં કાંટા સાથે રમત કરવામાં જોખમ છે. તેને જલદી ફેરવવાથી કે થંભાવી દેવાની ચેષ્ટા ખોટી છે. જિંદગીનો આનંદ તેથી વધતો નથી. જિંદગીની વેદના તેની ટૂંકી થતી નથી. આવી કોશિશ નકામી નીવડે છે. એક ખાલીખમપણું, એક શૂન્યતા, એક મૂર્છા આપણને ઘેરી વળે છે. જલદી જલદી જીવી નાખવું છે, પણ જલદી મરી જવું નથી. પરસ્પર વિરોધી એવા આ પરિણામ માટે આ જિંદગીના ભમરડાને કોઈએ જાળ ચડાવેલી છે. તેની ગતિએ તેને ઘૂમવા દો. તેમાં કૃત્રિમ ગતિ ભરવાની કડાકૂટ છોટો. ઘૂમતો ભમરડો અભિમાન કરે કે હું ઘૂમું છું, ધારું તો વધુ ઝડપથી ઘૂમી શકું છું, તેના જેવું જ મિથ્યાભિમાન માણસનું છે. માણસ ઘૂમતો દેખાય છે અને છતાં આખી બાજી તેના જ હાથની નથી. માણસ દોડે છે અને એક રાક્ષસી ટ્રક ક્ષણવારમાં તેને માંસનો રોટલો કરી નાખે, કયાં ગઈ ભાઈ તારી ગતિ, તારી ઉતાવળ? તારું ઘડિયાળ કયાં છે? માણસ સલામત ખંડમાં ડનલો પીલોનાં ગાદલામાં સૂતો છે અને ઓચિંતું હૃદય બંધ પડી જાય છે. દોડતા હોઈએ કે સૂતા હોઈએ ને આપણી ગતિને કોણ ટકાવી રાખે છે કે કાપી નાખે છે? સંગ્રામના લડવૈયાનેય કોઈકના અદશ્ય રક્ષણની જરૂર પડે છે. જિંદગી જીવવા માટે છે. તેને બરોબર જીવો, માણીનો જીવો. વર્ષોની ફૂટપટ્ટીથી તેની મીઠાશનું માપ નથી નીકળવાનું. સાડા પાંચ વારનું જિદગીનું પાનેતર છે. દોઢડાહ્યા વાણોતરની જેમ તમે તેને સત્તર વાર માપવાની ઝડપ કરશો તો તેથી તેની લંબાઈ કે પોત બદલાઈ જવાનાં નથી.

# સામાન્ય રીતે માણસની આખી જિંદગી ઘરમાં જાય છે અને અંત દવાખાનામાં, જયારે દેવદૂત સમા દેવદત્તભાઈની જિંદગી દવાખાનામાં વીતી અને અંત પોતાના નિવાસસ્થાને

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



**દર્દીઓના બેલી, સેવાયજ્ઞના વાહક દેવદૂત સમા દેવદત્તભાઈ ત્રિવેદી**

દેવદત્તભાઈના જીવનનો પરિચય નિરાળો છે. જીવન પણ નિરાળું હતું અને મૃત્યુ પણ નિરાળું રહ્યું. પરમાત્માએ તેમને ગરીબ દર્દીઓની સેવા માટે મોકલ્યા હતા. માતુશ્રી કાશીમાની કૂખે બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ મે મહિનામાં ૧૯૩૨ની સાલે થયો. પિતાશ્રી મહારાજા કૃષ્ણ કુમારસિંહજીના સલાહકાર તેમજ રેવેન્યુમાં ફરજ બજાવતા હતા. તે શ્રી કાશીરામભાઈ મયાશંકરભાઈ ત્રિવેદી. દેવદત્તભાઈ છ માસની ઉંમર ધરાવતા હતા ત્યારે જ માતાનું અવસાન થયું પરંતુ પિતા સાથે જ લાડકોડથી બાળપણ વિતાવ્યું અને પ્રાથમિક શિક્ષણ ભાવનગરની હોમ સ્કૂલમાં અને હાઇસ્કૂલનું શિક્ષણ ભાવનગરની સનાતન ધર્મ હાઇસ્કૂલમાં મેળવ્યા બાદ કોર્ટની નોકરી સ્વીકારી. પિતાજીના રાજપરિવારના સંબંધને કારણે તેમનો ઉછેર પણ રાજ પરિવારનાં વાતાવરણમાં થયો. પિતાના પગલે તેઓ પણ નીલમબાગ પેલેસમાં રાજકર્મચારી તરીકે જોડાયા. રાજપરિવારની શિસ્ત, પિતાના ઉચ્ચ સંસ્કારો તેમના જીવન સાથે પ્રથમથી જ વણાયેલા જોવા મળે છે.

ઈ.સ. ૧૯૪૮માં તેમના લગ્ન રેવેન્યુ ખાતાનાં તેમજ સંઘવી એન્ડ કંપની ભાવનગરના ઓડિટર છગનલાલ ગૌરીશંકર આચાર્યાના પુત્રી લીલાવંતીબેન સાથે થયા. પ્રસન્ન દાંપત્ય જીવનના થોડા વર્ષો બાદ દેવદત્તભાઈ જીવલેણ બીમારીમાં સપડાયા પરંતુ ગરીબ દર્દીઓની બેલી દેવદત્તભાઈને ભગવાને નવું જીવન બક્ષ્યું અને બીમારીમાંથી ફરી બેઠા થયા. પરિવારજનો તેમની સેવાભાવના સમજી શકતા હતા તેથી કૌટુંબિક જવાબદારીમાંથી મુક્ત રાખ્યા અને ગુરૂ સમાના ગોડફાધર લેફટ. કર્નલ સી.સી. બક્ષી સાહેબે તેમનામાં સેવાનાં સંસ્કારનું સિંચન કર્યું.

સેવાકાર્યની શરૂઆત એક નિયમિત સેવાથી થઈ. વાત એમ છે કે ૧૯૭૦-૭૧ના સમયમાં દેવદત્તભાઈનું નિવાસસ્થાન દીવાનપરા વિસ્તારમાં હતું ત્યારે હાઈકોર્ટ રોડ પોસ્ટ ઓફિસ, લાલ દરવાજાના ઓટલાને પોતાનું ઘર માનનારા શ્રી રામભાઈની સેવા કરવાનું કાર્ય બક્ષી સાહેબે દેવદત્તભાઈને સોંપેલું. રામભાઈને દવા, ટિફીન, કપડાં વગેરેની નિયમિત મદદ માટે દેવદત્તભાઈ હાજર જ હોય. આ સેવા યજ્ઞએ પછી વિસ્તૃત સ્વરૂપ ધારણ કર્યું. આ જીવન ઠંડી, તાપ કે રાત-દિવસ અનુભવ્યા વગર કોઈ પણ જાતના ભેદભાવ વિના જે વ્યક્તિને જે જોઈએ તે આપવું તેવો જીવનમંત્ર અપનાવ્યો. તેઓ માનતા કે દેનાર નહીં લેનાર મહાન છે. તેનો પાડ માનો કે માનવજાત પ્રત્યેની આપણી ફરજ પૂરી કરવારમાં લેનાર આપણને મદદરૂપ થાય છે.

સુઘડ સ્વચ્છ સફેદ લેંઘો, કાળી થેલી અને સાદગીપૂર્ણ પોશાખમાં ખુમારી સાથે નમ્રતાપૂર્વક ગરીબોની સેવા કરતા દેવદત્તભાઈને બહુ ઓછા લોકોએ સફેદ સુટ, બુટ, શેફર પેન અને કેમેરા સાથે નીલમબાગમાં જોયા હશે પરંતુ તે પણ તેમનાં જીવનની વાસ્તવિકતા હતી. ઓછા લોકોએ મહારાજા વિરભદ્રસિંહજી તથા કુમાર શ્રી શિવભદ્રસિંહજી સાથે હળવી પળોમાં ગોષ્ઠી કરતાં જોયા હશે. પરંતુ તે પણ તેમનાં જીવનની વાસ્તવિકતા હતી. રાજપરિવાર સાથે તેમનાં પિતાશ્રીને તથા ખુદ દેવદત્તભાઈને ઘનિષ્ઠ નાતો હતો.

સમગ્ર સમાજને પોતાનો પરિવાર માનનાર દેવદત્તભાઈના પરિવારમાં ત્રણ દીકરા તથા ત્રણ દીકરીઓ હતી. બધા જ અભ્યાસ કરીને જીવનમાં આગળ આવ્યા છે અને સંસ્કારી તથા સેવાભાવી દેવદત્તભાઈનો ત્રિવેદી પરિવાર ભાવનગરમાં જાણીતો પરિવાર કહી શકાય. સેવાભાવી દેવદત્તભાઈને અનેક નામી-અનામી સંસ્થાઓએ સન્માનિત કર્યા છે. સર. ટી. હોસ્પિટલમાં ‘રોગી કલ્યાણ સમિતિ’ માં સમાજ સભ્ય તરીકે નાછૂટકે સભ્યપદ સ્વીકારનાર દેવદત્તભાઈએ સર. ટી. હોસ્પિટલને જ પોતાની કર્મભૂમિ બનાવી હતી. દેવદત્તભાઈના આ દર્દીઓના સેવાકાર્યમાં અનેક ડૉકટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ ઉપરાંત અમદાવાદના કીડની હોસ્પિટલના ડૉ. શ્રી ત્રિવેદી સાહેબ, સર. ટી. હોસ્પિટલના. ભૂતપૂર્વ સિવિલ સર્જન ડૉ. શ્રી મનોરમાબહેન શાહ તેમ જ નામી સહભાગી થયા હતા અને દેવદત્તભાઈનો દર્દીઓની સેવાનો સેવાયજ્ઞ તેઓ જીવ્યા ત્યાં સુધી અવિરત ચાલુ રહ્યો.

ગોળીબાર હનુમાન ભાવનગરના મહંત પ.પૂ. મદનમોહનદાસજી બાપુને દેવદત્તભાઈ ગુરૂ માનતા. છતાં કોઈ કોઈ વાર જ તેમનાં દર્શન કરવા જતા. ગુરૂપૂર્ણિમાને દિવસે પણ બાપુ દેવદત્તભાઈના સંતાનો સાથે સંદેશો મોકલતા કે - ‘દેવદત્તને કહેજો કે આજે તો મારી પાસે આવે’ દેવદત્તભાઈ ઉત્તર વાળતા - ‘ના ભાઈ ના ત્યાં કેટલી બધી ભીડ હોય, કેટલી વાર લાગે, મારા દર્દી મારી રાહ જોતા હોય - એ મને ન ફાવે.’

આજીવન સેવાના ભેખધારી, તુલસી કયારાને પોતારના માબાપ સમજી જીવનના દરેક સુખ-દુઃખ તેને કહેવાનો છેલ્લો સંદેશો પોતાની દીકરીને આપનાર શ્રી દેવદત્તભાઈનાં જીવનના અંતિમ દિવસની, અંતિમ ક્ષણો કેવી હતી તે જાણવા જેવું છે.

૨૦ માર્ચ બુધવારે રાત્રે ૯.૩૦ કલાકે ઘરે આવ્યા. તુલસીને પાણી પાયું. થોડી માળા કરી, જમ્યા, પૂજાના રૂમમાં સૂતા. દીકરી જયશ્રીબેનને બોલાવી કહ્યું, ‘બેન મારી પાસે બેસ. કદાચ કાલે નહીં મળીએ. કદી દુઃખ પડે તો તુલસી કયારાને કહેવાનું. તુલસી આપણા માબાપ કહેવાય. પૂજા સામે હાથ જોડીને કહે, ‘જો બેન, કૃષ્ણકુમારસિંહજી, હનુમાનજી, શિવજી, ખોડિયારમાં બધા જ મારી સાથે છે.’’ દેવદત્તભાઈ તુલસીનો પારો પહેરતા તે ન જોયો એટલે પુછ્યું, ‘કાકા, તુલસીનો પારો કયાં ગયો?’ દેવદત્તભાઈ, ‘કેમ તુલસીથી શું થાય?’ જયશ્રીબેન, ‘યમદૂત પાસે ન આવે.’ દેવદત્તભાઈ કહે કે એવું ન હોય બેન. આપણે ઘેર આવે તેને ના ન પડાય. છતાં જયશ્રીબેન ગંગાજળ, કુંભનું જળ અને ગુરૂજીનું ચરણામૃત પિતાજીના શરીર પર લગાવ્યું. તુલસીના પારો પહેરાવ્યો.

દેવદત્તભાઈએ જયશ્રીબેનને તિથિ અને વાર પૂછ્યા. તે દિવસે બુધ આઠમ હતી. દેવદત્તભાઈ કહે, ‘‘આજની તિથિ અને વારે કૃષ્ણનો જન્મ થયો હતો. જયશ્રીબેને પરંતુ કંઈ સમજાતું નહોતું. કુટુંબના બધા સભ્યો હાજર હતા. પોતાની મેળે જ દેવદત્તભાઈ ઓરડાની શેટી પર ઉત્તર દિશાએ માથું રાખીને સૂતા. બધાએ દેવદત્તભાઈને બોલાવવાનો પ્રયત્ન કર્યો પણ કંઈ જવાબ મળ્યો નહીં.’’ મૃત્યુ તેમની જીવનલીલા સંકેલી ગયું.

સવારે પૌત્ર નિરજે ગુરૂજીને સમાચાર મોકલ્યા. ગુરૂજીએ પ્રસાદી રૂપે બિલીપત્ર તથા નવી શાલ આપી અને કહ્યું, ‘‘દેવદત્ત ભાઈના પાર્થિવ શરીર પર આ શાલ ઓઢાડી અંતિમ ક્રિયા કરજો.’’

સામાન્ય રીતે માણસની આખી જિંદગી ઘરમાં જાય છે અને અંત દવાખાનામા. જયારે દેવદૂત સમા દેવદત્તભાઈની જિંદગી દવાખાનામાં વીતી અને અંત પોતાના નિવાસ્થાને. ખરા અર્થમાં દેવદૂત સમા દેવદત્તભાઈ ભાવનગર રાજયની અને શહેરની ગૌરવ સમાન હસ્તી હતી. તેમના સેવાભાવી દિવ્ય આત્મામાંથી આપણે પણ પ્રેરણા લઈએ. ૐ શાંતિ.

# જયારે પતિ પક્ષ તરફથી અથવા તો પત્ની પક્ષ તરફથી છૂટાછેડા માટે દાવો દાખલ કરવામાં આવે ત્યારે કાયમી ભરણપોષણની માંગણી હિન્દુ મેરેજ એક્ટ કલમ-૨૫ અંતર્ગત કરવામાં આવે છે

## મહિલા સમાજ અને કાયદો

**અંક : ૫૬**

- ભાવનાબેન જોશીપુરા

આપણે મહિલાઓને સ્પર્શતા કાયદા સંદર્ભે આ કોલમમાં ચર્ચા કરી રહયા છીએ. ગત્ અંકમાં આપણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૭ માં ભરણપોષણની રકમમાં ફેરફાર અંગેની જોગવાઈ તેમજ હિન્દુ મેરેજ એકટ કલમ - ૨૪ સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરી. આ કોલમમાં આપણે હિન્દુ મેરેજ એકટની બીજી કેટલીક કલમો વિશે ચર્ચા કરવાના છીએ.

હિન્દુ મેરેજ એટકની કલમ - ૨૫ અંતર્ગત કાયમી ખોરાકીપોષાકી અને ભરણપોષણ નકકી કરવામાં આવે છે. પતિ અને પત્ની વચ્ચે જયારે ખટરાગ ઉભી થાય અને બંનેને જયારે એકબીજાથી છુટા પડવાનું થાય ત્યારે પતિ અને પત્ની અરસપરસ બે પ્રકારે દાવા દાખલ કરી શકે છે.

(૧) લગ્નના હકકો પુરા કરવા સંદર્ભે (કલમ - ૯), (૨) છૂટાછેડા સંદર્ભે (કલમ - ૧૩)

જયારે પતિ પક્ષ તરફથી અથવા તો પત્ની પક્ષ તરફથી છૂટાછેડા માટે દાવો દાખલ કરવામાં આવે છે ત્યારે કાયમી ભરણપોષણની માંગણી હિન્દુ મેરેજ એકટ કલમ - ૨૫ અંતર્ગત કરવામાં આવે છે.

હકુમત ધરાવતી કોર્ટ કોઈપણ હુકમનામુ કરતી વખતે યથા પ્રસંગ પત્ની અથવા પતિએ કરેલી કાયમી ભરણપોષણની અરજી પરથી આવક, મિલકત, પક્ષકારોનું વર્તન વગેરે તમામ ધ્યાનમાં લઈને જો અરજદાર પત્ની હોય તો તે અપરણિત રહે ત્યાં સુધી તેના ભરણપોષણ અને નિર્વાહ માટે માસિક ભરણપોષણ અથવા કોર્ટને ન્યાયી જણાય તે રીતે ઉચ્ચક રકમ ભરણપોષણ સંદર્ભે આપવાનો હુકમ આ કલમ અંતર્ગત કરવામાં આવે છે.

છૂટાછેડા લેવા માટે કરવામાં આવતી અરજી જો રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં કાયમી ભરણપોષણની અરજી કલમ - ૨૫ અંતર્ગત નકકી કરવામાં આવતી નથી. સ્ત્રીઓના ભરણપોષણ માટે હિન્દુ દતક વિધાન અને ભરણપોષણના કાયદા અંતર્ગત પણ ભરણપોષણ અંગે જોગવાઈ કરવામાં આવી છે. કલમ - ૧૮ મુજબ પત્નીનું ભરણપોષણ અને કલમ-૧૯ મુજબ વિધવા પુત્રવધુનું ભરણપોષણ તથા કલમ - ૨૦ મુજબ સંતાનો અને વૃધ્ધ માતાપિતાના ભરણપોષણ અંગે જોગવાઈ કરવામાં આવેલી છે.

હિન્દુ પત્ની જીવન પર્યન્ત પોતાના પતિ પાસેથી કલમ - ૧૮ મુજબ નીચેના સંજોગોમાં જુદી રહી ભરણપોષણ મેળવવા અધિકાર ધરાવે છે.

(૧) તેના પતિએ વ્યાજબી અને ન્યાયી કારણ વગર ત્યાગ કરેલ હોય.

(૨) તેના પતિએ એવું ક્રૂર વર્તન કરેલ હોય કે જેથી તેણી તેના પતિ સાથે રહી શકે નહીં તેવો મનમાં ભય પેદા થાય.

(૩) પતિ ઉગ્ર રકતપીતથી પીડાતો હોય.

(૪) તેના પતિને બીજી કોઈ પત્ની હયાત હોય.

(૫) જે ઘરમાં પોતે રહેતી હોય એજ ઘરમાં તેનો પતિ કોઈ રખાતને રાખતો હોય અથવા કોઈ રખાત સાથે કોઈ બીજે સ્થળે હંમેશા રહેતો હોય.

(૬) તેનો પતિ ધર્માંતર કરીને હિન્દુ રહયો ન હોય.

(૭) તે પત્નીને જુદા રહેવા માટે બીજું કોઈ વ્યાજબી કારણ હોય.

(૮) જો કોઈ હિન્દુ પત્ની ચારિત્રહિન હોય અથવા ધર્માંતર કરીને હિન્દુ રહી ન હોય તો, તેને તેના પતિથી અલગ રહેઠાણનો અને ભરણપોષણનો હક રહેશે નહીં.

કલમ - ૧૮ માં પત્નીના ભરણપોષણ અંગેની જોગવાઈ છે, કલમ - ૧૮ પેટા કલમ - ૨ (ક થી જ) માં દર્શાવેલ સંજોગોમાં પત્ની પતિ પાસેથી ભરણપોષણ મેળવવા હકદાર છે. પેટા કલમ -૩ મુજબ જો આવી પત્ની ચારિત્રહિન હોય અથવા બીજા ધર્મમાં પરિવર્તન કર્યું હોય તો અલગ રહેઠાણ તથા ભરણપોષણ માટે હકદાર નથી.

વિધવા પુત્રવધુનું ભરણપોષણ - કલમ - ૧૯

આ અધિનિયમના આરંભ પહેલા કે પછી પરણેલ હિન્દુ પત્ની તેના પતિ મૃત્યુ પછી પોતાની કમાણીમાંથી અથવા પોતાની બીજી મિલકતમાંથી પોતાનું ભરણપોષણ કરી શકે તેમ ન હોય તો અને તેટલે અંશે અથવા તેને પોતાની કોઈ મિલકત ન હોય ત્યારે,

(૧) પોતાના પતિની મિલકતમાંથી અથવા પોતાના પિતા અથવા માતાની પાસેથી અથવા

(૨) પોતાને પુત્ર અથવા પુત્રી હોય, તેની પાસેથી અથવા તેની મિલકતમાંથી ભરણપોષણ મેળવી શકે તેમ ન હોય તો અને તેટલે અંશે, તે હિન્દુ પત્ની તેના પતિના મૃત્યુ પછી તેના સસરા પાસેથી ભરણપોષણ મેળવવા હકદાર છે.

(૩) જેમાંથી પુત્રવધુને કંઈ હિસ્સો મળ્યો ન હોય એવી પોતાના કબજામાંની સમભાગી મિલકતમાંથી સસરો ભરણપોષણ આપી શકે તેમ ન હોય તો,

પેટા કલમ (૧) હેઠળની જવાબદારીનો અમલ કરાવી શકશે નહીં અને પુત્રવધૂનું પુનઃ લગ્ન થતાં એવી જવાબદારીનો અંત આવશે.

સંતાનો અને વૃધ્ધ માતાપિતાનું ભરણપોષણ - કલમ-૨૦

(૧) આ કલમની જોગવાઈઓને આધીન રહીને હિન્દુ વ્યકિત તેની હયાતી દરમ્યાન તેના ઔરસ અથવા અનૌરસ સંતાનોનું અને વૃધ્ધ અથવા અશકત માતાપિતાનું ભરણપોષણ કરવા બંધાયેલી છે.

(૨) ઔરસ અથવા અનૌરસ સંતાન સગીર હોય ત્યાં સુધી, તે તેના પિતા અથવા માતા પાસેથી ભરણપોષણ માંગી શકશે.

(૩) કોઈ વ્યકિતનાં વૃધ્ધ અથવા અશકત માતાપિતા અથવા અપરણિત પુત્રી પોતાની કમાણીમાંથી અથવા બીજી મિલકતમાંથી પોતાનું ભરણપોષણ કરી શકે તેમ ન હોય તેટલે અંશે, તે વ્યકિત તેવાં માતાપિતાનું અને અપરણિત પુત્રીનું ભરણપોષણ કરવા માટે જવાબદાર છે.

આ કલમમાં માતાપિતા માં સંતાન વગરની સાવકી માતાનો પણ સમાવેશ થાય છે. આ કલમથી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે હિન્દુ તેની હયાતી દરમ્યાન તેના ઔરસ તથા અનૌરસ સંતાન તથા વૃધ્ધ કે અશકત માતાપિતાનું ભરણપોષણ કરવા બંધાયેલ છે.

સગીર સંતાન ઔરસ હોય કે અનૌરસ તેના પિતા અથવા માતા પાસેથી ભરણપોષણ મેળવવા હકકદાર છે. મહિલાઓને સ્પર્શતા કાયદા સંદર્ભે અન્ય કલમો સાથે મળીએ આવતે અંકે...